## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સામાજિક સર્વેમાં વરસોનાં વર્ષો વીતી જશે !*
*અને નિયામકો નીમવામાં જ યુગો વીતી જશે !*
*વીતી જશે વય પાટીદારોની રાહ જોવામાં જ*
*ફળ ચાખવામાં જ અનેક ચૂંટણી વીતી જશે !*
*(આયોગ જાહેર!!)*

### હાઈકુ

*લ્યો !*
*લટકાવ્યું ગાજર !*
*દોડો પટેલ !!*

*ભેરવી દેવા -*
*લોલીપોપથી ગૂંથી*
*બિછાવી જાળ*

### ચિંતન

*ત્યજ એવ ધ્યાનં સર્વત્ર મા કિંચિત્ હૃદિ ધારય ।*
*આત્મા ત્વં મુક્ત એવ અસિ કિમ્ વિમૃશ્ય કરિષ્યસિ ॥*

**ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.**

**ધ્યાનનો સર્વત્ર ત્યાગ કર, ને હૃદયમાં કંઈ ધારણ ન કર, તું આત્મા જ છો, મુક્ત જ છો, વિચારવિમર્શથી તું શું કરીશ ?**

**કોઈનું ધ્યાન ધન પર હોય, કોઈનું ધ્યાન ધાન પર હોય, કોઈનું ધ્યાન વ્યક્તિ પર હોય તો કોઈનું કોઈ વસ્તુ પર, સ્વર્ગ પર હોય કે મોક્ષ પર. ટૂંકમાં મનમાં જે કાં ધારતા હોઈએ તે બધું જ છોડી દેવાની વાત છે, એટલું જ નહીં, હૃદયમાં પણ કાંઈ જ ધારણ કરવાની ના પાડે છે. ધ્યાન ધારણ બધું જ છૂટી જાય, ને જે પરમશૂન્ય રહે, એ જ સમાધિ છે. ભગવાન બુદ્ધે પરમ શૂન્યની જ વાત કરી છે, ને એ જડવાદ જરા પણ નથી.**

**કોઈ આશા નહીં કોઈ અપેક્ષા નહીં કોઈ ઈચ્છા નહીં કોઈ વાંછના નહીં, પૂર્ણ સંતોષ એ જ મુક્ત માનવી છે.**

### સુવિચાર

- મનુષ્ય જયારથી કોઈને સુખ આપતો થયો ત્યારથી જ ધર્મની શરુઆત થઈ - **વિચારદીપ**
- જયારે આંખમાં કોઈ પણ પ્રકારનું ઝેર નહીં રહે, મુક્ત હાસ્ય દેખાશે, ત્યારે લોક તમારાં દર્શન કરશે - **આપ્તસૂત્ર**
- જેટલા માણસ છે એટલા બધા પ્રકારના અહંકાર છે - **ઓશો**
- નમ્રતા બધા સાથે રાખવી, પરંતુ ઘનિષ્ઠતા બહુ ઓછા સાથે રાખવી - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈની પડાવી લીધેલ મિલ્કત કે પૈસા ભોગવી શકતો નથી એ નક્કર સત્ય સમજાય ત્યારે સુખની શરુઆત થાય - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : પાકું કેળું, ઘી અને ખડી સાકર સાથે ખાવાથી લોહીવા મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

કોડીલી કન્યાને પરણવા યુવાન વરરાજડા માંડવામાં પધાર્યા. યુવાન વરરાજા દારૂના નશામાં હતા. કન્યાએ કહ્યું, 'આ દારૂડિયા સાથે મને લગ્ન મંજૂર નથી.' કન્યા મક્કમ રહી છેવટે મહેમાનોમાંથી એક તાજે ગ્રેજ્યુએટ યુવાનને તૈયાર કર્યો. તાત્કાલિક એ જ માંડવામાં કન્યાને અને યુવાનને સમજાવી તેમના લગ્ન કર્યા.

બીજા દિવસે આ સમાચાર છાપામાં પ્રસિદ્ધ થયા. ગર્વનર સાહેબે આ સમાચાર વાંચ્યા અને કલેકટર ને સૂચના મોકલવી કે આ યુવાન અને કન્યાની મને મુલાકાત કરાવો. પેલો યુવાન અને કન્યા ગર્વનર સાહેબને ઘરે મળવા ગયા. ગર્વનરે કન્યાને દારૂડિયાને ન પરણવાના નિર્ણયને આવકાર્યો અને પોતાના તરફથી એક સો રૂપિયાનું ઈનામ આપ્યું.

વરરાજા યુવાન તાજા કોમર્સ ગ્રેજ્યુએટ હતા આમ ઓચિંતા લગ્ન કરવા પડશે એવો એને ખ્યાલ જ ન હતો. એણે ગર્વનર સાહેબને વિનંતી કરી, 'સાહેબ, હું બેકાર છું મને નોકરી મળે તો મારું લગ્નજીવન પાટે ચડશે.' તરત જ ગર્વનર સાહેબે એમના મિત્ર કે જે તામીલનાડુ બેંકમાં ડિરેકટર હતા તેમની ઉપર ચિઠ્ઠી લખી આપી. યુવાનને તરત નોકરી પણ મળી ગઈ.

એ વખતના તામિલનાડુ રાજયના ગવર્નર એટલે ચુસ્ત ગાંધીવાદી આજીવન લોકસેવક શ્રી પ્રભુદાસ પટવારી.

# અખિલેશનું પુનશ્ચ હરિઓમ્

### તંત્રીસ્થાનેથી...

ઉત્તરપ્રદેશમાં કારમી હાર ખાધા પછી પણ સમાજવાદી પાર્ટી પારોઠમાં પગલાં ભરવા તૈયાર નથી. હાર પાછળ બીજાં ઘણાં બધા કારણ જવાબદાર હતાં પરંતુ ઊઠીને આંખે વળગે એવું કારણ હતું પાર્ટીમાં જામેલો કૌટુંબિક કલહ. એ કલહ શરુઆતમાં કાકા-ભત્રીજા વચ્ચે હતો. શિવપાલ યાદવ પોતાને મુલાયમસિંહના હનુમાન ગણતા હતા અને મુલાયમને રાષ્ટ્રીય રાજકારણમાં મોકલી ઉત્તરપ્રદેશના સર્વોચ્ચ નેતા તરીકે ગોઠવાઈ જવા માગતા હતા. મુલાયમે પુત્રની તાજપોશી કરી તે ફક્ત શિવપાલને જ નહીં બલકે આઝમખાન જેવા વરિષ્ઠ નેતાને પણ ગમ્યું નહોતું પરંતુ 'નેતાજી'ના નિર્ણયને શિર-આંખો પર ચઢાવી એ સિનિયર નેતાઓએ નવા નિશાળિયા એવા અખિલેશ યાદવના મંત્રીમંડલમાં જોડાવાનું સ્વીકાર્યું હતું. કાળક્રમે એમનો એ મન વગરનો નિર્ણય અખિલેશ સામેના વિદ્રોહમાં પરિણમતાં શિવપાલ અને અખિલેશ જૂથો સામસામાં આવી ગયાં હતાં. મુલાયમે વારંવાર મધ્યસ્થી કરવા પ્રયાસ કર્યા છતાં આખરે અખિલેશ જૂત જ હાવી થઈ રહ્યું અને મુલાયમને પાર્ટીના અધ્યક્ષપદેથી હટાવી અખિલેશ યાદવને પ્રમુખ બનાવી દેવાયા. અખિલેશ યાદવે યુવાન નેતા તરીકે સારી છાપ ઊભી કરેલી એથી મોટા ભાગના સમાજવાદી કાર્યકરો અને ધારાસભ્યોએ એમનો સાત આપવાનો નિર્ણય કર્યો હતો. રાહુલ ગાંધી સાથે બેઠકોની સમજૂતી કરીને ભારતીય જનતા પાર્ટીના વાવાઝોડા સામે ઝીંક ઝીલવાનો પ્રામાણિક પુરુષાર્થ કર્યા છતાં અખિલેશ યાદવને ખરાબ રીતે હાર ખમવી પડી ત્યારે ખુદ મુલાયમસિંહે હારનું કારણ કોંગ્રેસ સાથે કરેલ જોડાણ જ હતું, એવાં નિવેદનો કરેલાં. જો કે ખરું અને સૌથી મહત્ત્વનું કારણ તો અમિત શાહ અને નરેન્દ્ર મોદીએ આયોજનપૂર્વક કરેલું હિંદુ મતોનું ધ્રુવીકરણ હતું. બાપ દીકરાને લડાવવાનો વ્યૂહ પણ ભાજપ પ્રેરિત હોઈ શકે. પડદા પાછળ એમને યોગી આદિત્યનાથ જેવા કટ્ટર હિંદુ સાધુને મુખ્યમંત્રી પદનું વચન પણ આપી રાખ્યું હતું. પરિણામે ભારતીય જનતા પાર્ટીને ધાર્યા કરતાં પણ વધારે બેઠકો મળી અને કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી તથા અજિતસિંહનું રાષ્ટ્રીય લોકદળ તદન હાંસિયે ધકેલાઈ ગયા. આવો મરણતોલ માર પડ્યા પછી પણ સમાજવાદી પાર્ટીએ એનો સંઘર્ષ જારી રાખી આગ્રા ખાતે પાર્ટીનું મહાસંમેલન બોલાવી અખિલેશ યાદવને વધુ પાંચ વર્ષ માટે પ્રમુખ ચૂંટી કાઢયા છે, તે ઘટના સૂચક છે. પારિવારિક કલહ યથાવત છે. મુલાયમને પાર્ટીના પ્રમુખ બનવું હતું પણ અખિલેશ યાદવે વૃદ્ધ પિતાની એ ઈચ્છા પર પાણી ફેરવી દીધું છે. આ ઘટનાના રાજકીય અર્થસંકેતો જરૂર કાઢી શકાય. યોગી આદિત્યનાથની હિંદુત્વવાદી રાજનીતિ સામે અખિલેશ ફરી એક વાર બિનસાંપ્રદાયિક રાજકીય પરિબળોનો સાથ લઈ મેદાનમાં ઊતરવા કૃતસંકલ્પ છે. યોગી સરકારે શરુઆત તો સારી કરી હતી પણ થોડાં જ સમયમાં એમની બાંધી મૂઠી ઊઘડી ગઈ છે. ગોરખપુરની જ હોસ્પિટલમાં અસંખ્ય બાળમૃત્યુથી લઈ ઉત્તરપ્રદેશના પ્રવાસન નકશામાંથી તાજમહાલ જેવી વિશ્વની અજાયબીની બાદબાકી જેવા ગાંડા અને મૂર્ખામીભર્યા નિર્ણયો ઉપરાંત કેન્દ્ર સરકારનાં ગતકડાં, નોટબંધી-જીએસટી સામે ઊભો થયેલો આક્રોસ અને ઘટી રહેલો વિકાસ દર તથા વધતી જતી મોંઘવારી ઉત્તર પ્રદેશની જનતાને ભગવી પાર્ટીથી વિમુખ કરવા માટેનાં પૂરતાં કારણો ગણાય. મુલાયમસિંહ સીબીઆઈના ડરથી કેન્દ્ર સાથે સાંઠગાંઠ કરતા રહેતા એથી સમાજવાદી પક્ષની પ્રજાકીય છબી ખરડાતી રહેતી. હવે એનું સુકાન છેક આગામી લોકસભા અને ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણી સુધી અખિલેશના મજબૂત હાથોમાં આવી જતાં પરિસ્થિતિમાં નિર્ણાયક પરિવર્તન આવવાની શક્યતા નકારી શકાય નહીં ખુદ માયાવતી પણ અખિલેસ સાથે મહાગઠબંધનમાં જોડાવા સહમત થાય અને અખિલેશને હવે ઉત્તરપ્રદેશની જનતા સાચા 'વિકાસ પુરુષ' તરીકે પ્રસ્થાપિત કરે એવાં એંધાણ મળે છે.

# વિચારક્ષેત્ર અણિશુદ્ધ રાખીએ તો ઈચ્છીત શુદ્ધ આચાર સુધી પહોંચાય

**મહાદેવ દેસાઈને ગાંધીના શિખ રેંટિયો કાંતતા ફ્રેન્ચ ન શીખાય**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

મહાદેવ દેસાઈ એટલે ગાંધીજીને ઉંડાણથી સમજાવીને સમગ્ર વિશ્વને ગાંધીજી વિશે જાણકારી આપવાનું શ્રેષ્ઠ કાર્ય કરનાર મહામાનવ મહાદેવ દેસાઈ એટલે ગાંધીજીના મંત્રી તરીકે જીવન પર્યંત કામ કર્યું. મહાદેવભાઈએ ગાંધીના ગણેશ અને હનુમાનના લહીયા તરીકે કામ કર્યું હતું એટલે ગણેશ અને ભગવાન રામ પ્રત્યે જેવી આસ્થા હતી. હનુમાનજીને એવી જ આસ્થા મહાદેવને ગાંધીજી પ્રત્યે હતી. જો ગાંધીજી સાથે મહાદેવ ના હોત તો ગાંધીજીના લેખો, પત્રવ્યવહારો સાથેની ઝીણામાં ઝીણી વિગતો આપણને જેટલી સહજતાથી મળી છે એટલી સહજ રીતે ન મળી શકી હોત. ગાંધીજીએ તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો' લખી છે પરંતુ એ તો ૧૯૨૨ સુધીના વર્ષો સુધી જ સીમિત છે. મહાદેવભાઈએ એમ જોઈએ તો ગાંધીનું લખાણ મહાદેવભાઈએ ડાયરી રૂપે લખીને બહુ મોટા ઐતિહાસિક દસ્તાવેજની ભેટ વિશ્વને આપી છે એમ કહી શકાય.

ગાંધીજીના ચાર પુત્રો હતા. બાપુના પાંચમા પુત્ર તરીકે મહાદેવ દેસાઈએ પૂરા સન્માન સાથે સ્થાન મેળવ્યું હતું. ઈ.સ. ૧૮૯૨માં જન્મેલા મહાદેવ દેસાઈ ૨૫ વર્ષની ઉંમરે ગાંધીજીને મળે છે અને પછી તો આજીવન ગાંધીના પડછાયા તરીકે જીવન પર્યંત સાથે જ રહે છે. મહાદેવભાઈ જયારે ૨૫ વર્ષની ઉંમરે મળે છે એ સાલની દષ્ટિએ જોઈએ તો વર્ષ થાય ૧૯૧૭નું. એ રીતે ગાંધીના ચંપારણ્ય સત્યાગ્રહની સાથે મહાદેવ અને મહાત્મા મિલનનું શતાબ્દિ વર્ષ પણ ૨૦૧૭નું આ વર્ષ છે એવી નોંધ લેવી પડે.

ગાંધીને પડછાયો એટલે મહાદેવને મુશ્કેલ પરિસ્થિતિમાં ગાંધીનો અડીખમ ટેકો એટલે મહાદેવ. ૨૫ વર્ષની ઉંમરે ગાંધીજીએ મળ્યા અને તેમના રહસ્યમંત્રી તરીકે તેઓ સેવા આપતા રહ્યા. બરાબર પછી વર્ષ તેમણે અણથક સેવા આપી. ૧૯૪૨માં મહાદેવ અવસાન પામ્યા. ગાંધીજીને પણ તેમના પાંચમા પુત્ર વગર ચાલતું નહીં પરંતુ લાગણી - માયા કે મમતાનાં તાંતણે બંધાયા હોય એટલે ન સ્વીકારવા જેવી લોક વ્યવહાર - લોક વર્તનની વાત ગાંધીજી કયારેય સ્વીકારી લેતા નહીં. સામે વાળાને ગમતું કે નહીં ગમે એવી ચિંતા રાખ્યા વગર તેઓ જે સાચું હોય તેને વળગી રહીને વાત કરતા હતા. આવો એક પ્રસંગ જોવા જેવો છે.

નવેમ્બર ૨૦૧૩માં મહાદેવ દેસાઈ જેલમાં હતા. એ સમયે તેમણે જેલમાંથી પત્ર લખીને ગાંધીજીને એમ જણાવ્યું હતું કે, 'તેઓ જેલમાં કાંતે પણ છે અને સાથે અબ્બાસ સાહેબ પાસે ફ્રેન્ચ પણ શીખે છે. ગાંધીજી ૧૩ નવેમ્બર, ૧૯૩૦ના રોજ તેમણે પણ લખતા તેમના માનસ્ પુત્ર મહાદેવને પત્રમાં લખે છે. 'રેંટિયો અને ફ્રેન્ચ વિશે તમે લખો છો એમાં પણ સિદ્ધાંતની દષ્ટિએ ઉણપ જોઉં છું. રેંટિયાને સર્વાર્પણ કર્યા પછી તે વખત બીજો લાભ લેવામાં ન દેવાય. કોઈ આળને વાત કરી જાય તો વિવેક ખાતર વાત કરીએ; પણ વાત કરી જાય તેના કરતાં શીખવી જાય એ શું ખોટું એ ન્યાય અહીં ન ચાલે.'

આટલી વાત પરથી એટલું તો સમજાય ન જાય છે કે મહાદેવ કાંતણ સાથે અબ્બાસ સાહેબ પાસેથી ફ્રેન્ચ શીખે છે એની સામે ગાંધી પોતાનો વિરોધ રજૂ કરે છે અને આ વિરોધ માત્રને માત્ર બીજી કોઈ બાબત પર ધ્યાન આપવાથી રેંડિયો કાંતણનું કામ યોગ્ય ના થઈ શકે એ બાબતે છે. ગાંધીજી કાંતતી વખતે ફ્રેન્ચ શીખવાની તો વાત બાજુ પર રહી વાત પણ ન કરાય એમ સમજાવે છે, અને સાથે સાથે વાત કેમ ન કરીને વાત કરવા આવેલાને પણ દૂર રાખી શકાય એનો આડકતરો ઈલેખ આપે છે. તેઓ કહે છે 'વાતમાંથી તો ઈચ્છા હોય તો ઉગરી જવાય, જો વાત જ ના કરીએ તો વાત કરનાર લાંબો વખત બેસવા વાત ન કરે.' - એ વખતે કાંતણમાં વિક્ષેપ ન થાય. પોતાનો પ્રત્યક્ષ અનુભવ ટાંકતા કહે છે 'રેંટિયો ચલાવતા બીજા વિચારમાં પડું છું ત્યારે ગતિ ઉપર, આંક ઉપર, સમાનતા ઉપર અસર થાય

**અનુસંધાન પાના નં. ૭ પર**

# કબા ગાંધી – કાઠિયાવાડ અને મહાત્મા મોહનદાસ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

રાજકોટના રાજવી બાવાજીરાજે હીરા પારખુ હતા. આથી પોરબંદરથી રાજકોટ આવીને રહેલા દીવાન કરમચંદ ગાંધીની કાર્યનિષ્ઠા તેમના ધ્યાન બહાર જવા પામી ન હતી. રાજવી દીવાન કરમચંદ ગાંધીની કામગીરીથી સંતુષ્ટ તેમજ પ્રસન્ન હતા. આથી રાજવીએ રહેણાક માટે રાજ્યની માલિકીની જમીનમાંથી એક મોટો પ્લોટ પસંદ કરીને બંગલો બનાવવા માટે દીવાન કરમચંદ ગાંધીને જણાવ્યું. જ્યારે શાસકને પ્રતિતિ થાય કે અમુક વ્યક્તિના કાર્ય કે તેમની સેવા થકી રાજ્યને ફાયદો થયો છે ત્યારે આવી ભેટ કે વળતર એ સ્વાભાવિક કે સૌજન્યયુક્ત ગણાય. પરંતુ આ દીવાન જૂદી માટીના બનેલા હતા. તેઓ મોટું કે ઝાઝુ મેળવવાના લોભમાં પડે તેવા ન હતા. તેમણે પોતાની જરૂરિયાત ધ્યાનમાં રાખીને માત્ર ૫૦૦ વારના પ્લોટનો સ્વીકાર કર્યો. રાજવીની ઉદાર ઓફર તથા આગ્રહ છતાં આ દીવાને ગજા ઉપરાંતની જમીન વાળી લઈને પોતાના મહત્વ તેમજ મોભાને પ્રદર્શિત કરવાનો વિચાર સુધ્ધા ન કર્યો. દીવાનની માંગણી અનુસાર નાનો પ્લોટ રાજ્યે ફાળવ્યો. દીવાન કરમચંદ ગાંધી આ પ્લોટ પર મકાન બનાવી પરીવાર સાથે રહેવા લાગ્યા. આ ઐતિહાસિક સ્થળ એટલે રાજકોટનો સુવિખ્યાત ''કબા ગાંધીનો ડેલો'' આ ડેલામાંજ એક બાળકનું પોષણ – સંવર્ધન થયું. કરમચંદ ગાંધીના આ બાહોશ સંતાન એટલે આપણાં દેશની આઝાદીના જનક મોહનદાસ ગાંધી. આ ઐતિહાસિક સ્થળ આજે આપણાં માટે યાત્રાનું સ્થળ બની ગયેલું છે. એક સમર્થ તથા નીતિવાન દીવાનનું સ્મરણ આ ડેલાને યાદ કરતાંજ થાય છે. ''ત્યેન ત્યક્તેન્ ભૂંજીથાઃ'' ની ઉપનિષદ સલાહ કરમચંદબાપાએ જીવનમાં ઉતારી હતી. આજ ડેલાને જોતાં બીજા એક વિરાટ વ્યક્તિત્વનું સ્મરણ થાય છે. જગતના ઘણાં વિદ્વાનો – ઈતિહાસવિદો માનતા હતા કે હિંસક સંઘર્ષ સિવાય કોઈપણ દેશ આઝાદીની રમણીય ઉષાનું દર્શન કરી શકે નહિ. આ તમામ ધારણાઓથી વિપરીત એવા સત્યાગ્રહના અમૂલ્ય આયુધથી દેશની મુક્તિના દ્વાર ખોલી આપનાર મોહનદાસ કરમચંદ ગાંધીનું પુણ્ય સ્મરણ પણ આ ઐતિહાસિક ડેલાના દર્શન કરીને થાય છે. કાઠિયાવાડના કવિ ભૂધરજી લાલજી જોશી સુયોગ્ય શબ્દોમાં ગાંધીની આવી અસાધારણ સિધ્ધિની વાત કરે છે :

તોપ તલવાર નહિ બંદૂર બારુદ નહિ
હાથ હથિયાર નહિ ખુલ્લે સિર ફિરતે
વિકૃત વિજ્ઞાન નહિ બંબર વિમાન નહિ
તરકટ તોફાન નહિ, અહિંસા વ્રત વરતે
ટેંકોકા ત્રાસ નહિ ઝહેરી ગિયાસ નહિ
લાઠીકા સહત માર રામ રામ રટતે
ભૂધર ભનંત બીન શસ્ત્ર ઈસ જમાનેમેં
ગાંધી બિન વસુધામેં કૌન વિજય વરતે ?

આ દીવાન પરીવાર તથા રાજકોટના રાજવીઓ વચ્ચેનો સ્નેહાદરનો સંબંધ લાંબા સમય સુધી જળવાઈ રહ્યો. ઘણાં વર્ષો બાદ ૧૯૨૫ માં ભાવનગર ખાતે કાઠિયાવાડ રાજકીય પરિષદની સભા ભરવામાં આવી. સાંપ્રત સમયના અનેક આગેવાનોએ ગાંધીજીને માનપત્ર આપવાનો વિચાર કર્યો. રાજકોટના રાજવી શ્રી લાખાજીરાજના હસ્તે ગાંધીજીનું આ બહુમાન કરવું તેમ પણ નક્કી થયું. કેટલાક અંગ્રેજ અમલદારોએ ગાંધીને માનપત્ર આપવા સામેના ભયસ્થાનો રાજવી લાખાજીરાજને કહી સંભળાવ્યા. રાજવીને બ્રિટીશ સત્તાની નારાજગી થશે તેમ પણ કહેવામાં આવ્યું. ગાંધીજીએ બ્રિટીશ સત્તાધિશો સામે લડત ઉપાડી હોવાથી આવું થાય તે લાખાજીરાજ પણ સમજી શકતા હતા. પરંતુ ગાંધી જેવા યુગપુરુષને સત્કારવાનો લહાવો જીવનમાં ભાગ્યેજ મળે તે વાત સમજીને લાખાજીરાજે આવું ગૌરવયુક્ત સન્માન પોતાના હાથે થાય તે વાતનો સહર્ષ સ્વીકાર કર્યો. રાજવીએ પૂરા ગૌરવ તેમજ અંતરની લાગણીથી ગાંધીનું સન્માન કર્યું અને ગાંધીજીને દરબાર સાહેબે કહ્યું : ''મને તમારો પુત્ર ગણજો'' સૌરાષ્ટ્ર તથા કચ્છના કેટલાક રાજવીઓની આ ઊંચાઈની વાતો આજે પણ અહોભાવ ઉપજાવે તેવી છે. રાજવી લાખાજીરાજનું અવસાન થયું અને કાળે કરવટ બદલી. લાખાજીરાજના પુત્ર ધર્મેન્દ્રસિંહજીએ જે રીતે રાજ્યની ધૂરા સંભાળી તેની ટીકા ઈતિહાસકારોએ સાર્વત્રિક રીતે કરી છે. રાજવીની નબળાઈ તેમજ તે સમયના રાજકોટ રાજ્યના દીવાન વીરવાળાની અન્યાયી કાર્યશૈલીને કારણે રાજકોટ રાજ્યના સામાન્ય લોકોની તકલીફોમાં ઘણો વધારો થયો. જો કે રાજકોટની રૈયત પોતાના પર થતા અન્યાય સામે જાગૃત થઈ ચૂકી હતી. રાજકોટનો લોકમત દિનપ્રતિદિન ઉગ્ર બનતો જતો હતો. ૧૯૩૮માં રાજકોટમાં પ્રજા પરિષદનું અધિવેશન થયું. સરદાર સાહેબની આ પરિષદમાં હાજરી તેમજ માર્ગદર્શનથી લોકમત વિશેષ પ્રબળ તથા અસરકારક થયો. રાજ્ય તરફથી આ જુવાળને શાંત પાડવા સમાધાન તો કરવામાં આવ્યું પરંતુ તેનું પાલન કરવાની કોઈ વૃત્તિ રાજ્યના રાજવી કે દીવાનની નથી તેનો સૌને અનુભવ થવા લાગ્યો. ફરી લડતનો દોર શરૂ થયો. રાજ્ય તરફથી ધરપકડો અને દબાણનો સીલસીલો શરૂ થયો. રાજકોટની પ્રજા પરના આ અત્યાચારના સામાચાર દેશવ્યાપી પ્રસિધ્ધિ પામ્યા. ''છેલ્લો કટોરો'' કાવ્યમાં મેઘાણીએ જે શબ્દાંકનથી સ્થિતિનું વર્ણન કરેલું તે સ્થિતિ નજર સામે હતી.

ચાબૂક જપ્તી દંડ દંડામારના
જીવતાં એ કબ્રસ્તાન કારાગારના
થોડા ઘણાં છંટકાવ ગોળીબારના
એ તો બધા ઝરી ગયા, કોઠે પડ્યા બાપુ !
ફૂલ સમા અમ હૈયા તમે લોઢે ઘડ્યા બાપુ !

રાજકોટની જનતાના દુઃખમાં સહભાગી થવા કસ્તુરબા

**અનુસંધાન પાના નં. ૭ પર**

# રવિવારે પંક્તિઓ પરથી નવીકૃતિનું સર્જન અને પઠન કાર્યક્રમ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા નવતર પ્રયોગ - નામાંકિત કવિઓની બે પંક્તિઓ પરથી કૃતિસર્જન

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા અગાઉ બે કવિઓની બબ્બે પંક્તિઓ પરથી નવીકૃતિ સર્જનના પઠન બાબતનો કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી, જે સાહિત્યિક કાર્યક્રમ ૮-૧૦-૨૦૧૭ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ કલાકે નમન એપા., સે-૨૧, ગાંધીનગર ખાતે, સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં નગરના કવિઓ નીચેની પંક્તિઓ પરથી પાદપૂર્તિ કરીને, નવી કૃતિનું સર્જન કરી આ સભામાં સ્વમુખે પઠન કરશે.

પંક્તિઓ

(૧) જીભથી સરકી પછી, એ વાત અંગત ના રહી,
એટલી ચર્ચાઈ કે એની નજાકત ના રહી.
- હરીશ ધોબી

(૨) હજુયે ચૂસું છું, સ્મરણોનો મધમીઠો સાંઠો,
છમ્મ લીલુડી ભોમ અને વાત્રકનો ભીનો કાંઠો.
- કરસનદાસ લુહાર

સાથોસાથ, સમયાનુકૂળ, સર્જકો પોતાની અન્ય કૃતિઓનું પણ સ્વમુખે પઠન કરી શકશે, નગરના સર્જકોને પાદપૂર્તિની રચનાઓ સાથે આ સાહિત્યિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવે છે.

● તા.૧-૧૦-૧૭ના રોજ સાંજના ૬.૦૦ વાગે, બ્રહ્મસમાજ વાડી, સેકટર-૧૬ ગાંધીનગર ખાતે સાહિત્યકાર અને કવિ હરીશ પંડિતના કાવ્ય સંગ્રહ 'અલપ-ઝલપ'નું વિમોચન અને લોકાર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મૂર્ધન્ય સાહિત્યકાર અને નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ અસાઈત સાહિત્યકાર અને નવલસભાના સંવાહદ અને નાટ્યકાર/લેખક વિનાયક રાવલ (મહેસાણા), ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ અને કવિ નટવર હેડાઉ, કનૈયાલાલ, આલોક ગુપ્તા, રમણભાઈ શ્રીમાળી અને સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

● મહારાષ્ટ્રિયન પરિવારના વૈજયંતિ ગુપ્તે, લિખિત મરાઠી કથા સંગ્રહો 'સ્પર્શ' અને 'સિતારા' નો વિચોચન અને લોકાર્પણવિધિ ભાગ્યેશ જાહ, અંજલિબેન રૂપાણી, મરાઠી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ખોપલેકર અને ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યો.

● સુરતની જયંત પાઠક કવિતા પુરસ્કાર સમિતિ દ્વારા; સને ૨૦૧૪ અને ૨૦૧૫ દરમિયાન પ્રગટ થયેલ કાવ્ય સંગ્રહોમાંથી તજજ્ઞો દ્વારા ગઝલકાર અને કવિ હર્ષ બ્રહ્મભટ્ટના કાવ્યસંગ્રહ 'આખ દોર્યું તો સૂર્ય ઊગ્યો તો' ને પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ કવિતા પુરસ્કારના નિર્ણાયકો તરીકે ડૉ. વિજયશાસ્ત્રી અને ડૉ. દક્ષાવ્યાસ હતા. હર્ષ બ્રહ્મભટ્ટને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છાઓ.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા, ભદ્રંકર વિદ્યા દીપક વ્યાખ્યાનમાળા અંતર્ગત જાણીતા કલાકાર અને નાટ્યવિદ્ ડૉ. મહેશ ચંપકલાલે 'નવી સદીની ગુજરાતી રંગભૂમિ ; ટૂચકો, ડૂસકાં, આંચકા અને તેનો સર્જનાત્મક વિનિયોગ' વિશે વકતવ્ય આપ્યું હતું. ડૉ. કુમારપાળ દેસાઈએ સર્વેનું સ્વાગત કર્યું હતું.

● ગુજરાત વિદ્યાસભા અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સાહિત્યકાર, સમાજ સુધારક અને અમદાવાદના જાહેરજીવનમાં અગ્રણી ફાળો આપનાર રમણભાઈ રતિલાલ વિશે જાણીતા હાસ્ય સાહિત્યકાર રતિલાલ બોરીસાગરે લખેલા પુસ્તકનો વિમોચન અને લોકાર્પણ સમારોહ યોજાઈ ગયો. ગ્રંથની ભૂમિકા રમણભાઈના દોહિત્ર સુકુમાર પરીખે બાંધી હતી. ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાના પ્રવચનમાં રમણભાઈ નીલકંઠને સુધારક યુગ, સાક્ષરયુગ અને ગાંધીયુગના ત્રિવેદી સંગમે ઊભેલા સકલ પુરુષ ગણાવ્યા હતા. જાણીતાં લેખિકા ડૉ. ધીરુબહેન પટેલે રતિલાલ બોરીસાગરની હાસ્યવૃત્તિ સાથેનાં ભદ્રંભદ્રના નાતા વિશે જણાવ્યું હતું, જયારે રતિલાલ બોરીસાગરે 'ભદ્રંભદ્ર' વિશે વાત કરી હતી.

● વડોદરા ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં વડોદરાના કવિ મનહર ગોહિલ 'સુમન'ના દ્વિતીય ગઝલસંગ્રહ 'છલકાતા ઝાંઝવા' નું વિમોચન, સાહિત્યપ્રેમી જિતુ પંડ્યાના હસ્તે અને આસી. મ્યુ. કમિશ્નર જિજ્ઞેશ ગોહિલના અતિથિ વિશેષપદે કરવામાં આવ્યું હતું. જિતુભાઈએ કવિ અને કવિતાનો મહિમા કર્યો હતો. ગઝલકાર ડૉ. રશીદ મીરે ગઝલસંગ્રહની લાક્ષણિકતાઓ દર્શાવી હતી. કાર્યક્રમનું સંચાલન આકાશવાણીના ઉદ્ઘોષક કિરણ પટેલે કર્યું હતું. ભગત ભટ્ટ 'ભવન'ના સંચાલનમાં યોજાયેલા મુશાયરામાં સર્વ સુરેશ પરમાર 'સૂર', મનહર ગોહિલ, 'સુમન', દિનેશ ડોંગરે, 'નાદાન', શબ્બીર ગુલામી અને ડૉ. મીરે કૃતિઓ રજૂ કરી હતી.

● નર્મદ સાહિત્ય સભા, સુરતના ઉપક્રમે, વર્ષ ૨૦૦૮થી ૨૦૧૨ દરમિયાન પ્રકાશિત કવિતાના શ્રેષ્ઠ પુસ્તક માટે 'નર્મદા ચંદ્રક' રઈશ મણિયારને તેમના કાવ્યસંગ્રહ 'આમ લખવું કરાવે અલખની સફર' માટે અર્પણ કરવાનો સમારોહ નાનુભાઈ નાયકના અધ્યક્ષપદે યોજાઈ ગયો, જેના અતિથિ વિશેષપદે રવિન્દ્ર પારેખ હતા. નાનુભાઈ નાયકે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સમારોહનું સંચાલન ડૉ. વિવેક ટેલરે કર્યું હતું.

- muljibhaidadhi@gmail.com

## વિસરાતી વાનગી



### બીટના લાડુ

**જરૂરી વસ્તુઓ :**

૧. બીટ
૨. દૂધ
૩. ખાંડ
૪. ટોપરાની છીણ

**બનાવવાની રીત :**

સૌપ્રથમ બીટને છોલી લેવા.

ત્યારબાદ બીટની જીણી છીણ બનાવવી.

બીટને છીણી દેવાના (છીણી વડે)

પછી કઢાઈમાં દૂધ સાથે છીણ નાખીને ભેળવી દેવું અને જરૂરિયાત પૂરતી ખાંડ નાંખવી.

પછ ધીમા તાપે હલાવતા જવું. દૂધ બળે ત્યાં સુધી હલાવો અને પછી ઉતારી લો.

ઠંડુ થવા દેવું પછી જીણા લાડુ બનાવવા અને છેલ્લે ટોપરાની છીમ લગાવવી.

બીટના લાડુ તૈયાર છે.

**ફાયદા :**

રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

આપણા શરીરમાં લોહી વધારે છે.

લોહીની ઉણપ પુરી કરે છે.

સ્ત્રીઓનો વધુ ફાયદાકારક છે. સગર્ભા બહેનો માટે ખાસ ફાયદો થાય છે.

૯ થી ૧૫ વર્ષની છોકરીઓને ખાસ ફાયદો છે. જો બીટના ખાઈ શકો તો લાડુ બનાવીને ખાઓ.